આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૭૫ | ૪ સપ્ટેમ્બર, ૨૦૧૨, મંગળવાર; અધિક ભાદરવા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

કામગરા માણસને કામનું જ એક જ ભૂત પજવે છે, પરંતુ આળશુને તો હજારો ભૂત પજવે છે
- એસ. ભટ્ટાચાર્ય

ગાંધીનગરમાં પોણો ઈંચ વરસાદ

બે દિવસના ઉકળાટ બાદ મોડી સાંજે ધોધમાર વરસાદનું ઝાપટું : ઠેર ઠેર પાણી ભરાયા

૪૦ મિનિટનો વરસાદ વધુ એક વખત હાથતાળી આપી ગયો : કલોલમાં અર્ધો ઈંચ

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર અને તાલુકામાં આજે મોડી સાંજે પોણો ઈંચ જેટલો વરસાદ ખાબકતાં જ વાતાવરણમાં પલ્ટો આવી જવા પામ્યો હતો.

છેલ્લા બે દિવસથી અસહ્ય ઉકળાટનો સામનો કરી રહેલા પાટનગરવાસીઓએ આજે સાંજે થયેલા આ વરસાદથી થોડીક રાહત જરૂર અનુભવી હતી. આજે સાંજના છ વાગ્યા પછી શરૂ થયેલા વરસાદે ૪૦ મિનિટથી પણ વધુ સમય સુધી ધબધબાટી બોલાવી હતી.

સચિવાલય છુટવાના સમયે જ શરૂ થયેલા આ વરસાદને કારણે કર્મચારીઓ ભિંજાઈને ઘરે ગયા હતા. આજે આ વરસાદને કારણે સે. ૮, સે. ૨૨, સે. ૨૪, સે. ૨૩ તેમજ સે. ૩, સે. ૪, સે. ૧૨માં પાણી ભરાઈ જવા પામ્યા હતા. જો કે મોડી સાંજે આ પાણી ધીમે ધીમે ઓશરી ગયા હતા.

મળતા અહેવાલો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના કલોલમાં પણ અડધા ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. કલોલ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા.

કલોલ શહેર અને તાલુકામાં થયેલા આ વરસાદથી લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી ઓછો વરસાદ કલોલમાં નોંધાયો છે. જો કે આજના વરસાદ પછી ખેડૂતો હજૂ સારા વરસાદની આશા રાખી રહ્યા છે.

આજે થયેલા આ વરસાદને કારણે વાવેતર થયેલા પાકોને જરૂરી ભેજ મળતાં ઉગાવામાં ફાયદો થશે તેમ ખેડૂતો માની રહ્યા છે. લીલા શાકભાજીના પાકોમાં સારો એવો વધારો ઉત્પાદનમાં થશે તેમ મનાઈ રહ્યુ છે. કપાસ તેમજ અન્ય પાકોમાં પણ સારો એવો ફાયદો થશે તેમ મનાઈ રહ્યું છે.

પડતર પ્રશ્નોના ઉકેલ માટે કર્મચારીઓ મુખ્યમંત્રીને પત્ર લખશે

ચૂંટણી પહેલાં પ્રશ્નો નહિ ઉકેલાય તો 'અમે પાંચ અમારા પચ્ચીસ'ના ધોરણે મતદાન કરાવવાની ફરજ પડશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે

ગાંધીનગર, તા. ૩

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે રાજય સરકાર હકારાત્મક નિર્ણય લઈ ચૂંટણી પહેલાં તેની જાહેરાત કરે તેવી માંગણી સાથે કર્મચારીઓ અને તેમના પરિવારજનો દ્વારા મુખ્યમંત્રીશ્રીને સામુહિક પત્રો લખવાના કાર્યક્રમની ઘોષણા કરવામાં આવી છે.

ધી ગુજરાત સચિવાલય ફેડરેશનના પ્રમુખ મનુભાઈ પટેલ, મહામંત્રી યોગેન સેવક તેમજ અન્ય હોદ્દેદારોના સંયુકત નામે આજે કર્મચારી જગતમાં આ અંગેની પત્રિકાઓનું વિતરણ પણ કરી દેવામાં આવ્યું છે.

કર્મચારીઓના ૧૧ પડતર પ્રશ્નો સાથે પત્રનો મુસદ્દો ફેડરેશને તૈયાર કરી તમામ વિભાગોના કર્મચારીઓને તે આપવામાં આવ્યો છે અને તાત્કાલિક રજીસ્ટર્ડ એ.ડી.થી

● અનુસંધાન પાન-૫ પર

સ્ટ્રોમ વોટર લાઈનના અભાવે સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ

શહેરના માત્ર સાત સેકટરોમાં કામ પૂર્ણ કરાયું છે, બાકીના સેકટરોને આવરી લેવા રૂ. ૩૭ કરોડના ખર્ચનો અંદાજ

ગાંધીનગર, તા. ૩

શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે પૂર્ણ વ્યવસ્થા ન ગોઠવાતા સેકટરોમાં આંતરિક વિસ્તારોમાં વરસાદી ઝાપટાના અંતે જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. વરસાદી પાણીના નિકાલની પાઈપલાઈનનું કામ હજી સુધી માત્ર સાત સેકટરોમાં જ પૂર્ણ થયુ છે. જયારે અન્ય ૨૩ સેકટરોને અનુલક્ષી રૂ. ૩૭ કરોડના ખર્ચ સાથે તંત્ર કક્ષાએથી સુપ્રત કરાયેલી દરખાસ્ત સંદર્ભે કોઈ નિર્ણય લેવાયો નથી.

શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે અગાઉના વર્ષ દરમિયાન પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. સેકટરોના આંતરિક વિસ્તારમાં વરસાદ બાદ જળબંબાકારની સ્થિતિ નિવારવા તંત્ર દ્વારા વર્ષ અગાઉ સે-૨૦, ૨૧, ૨૪ ઉપરાંત સે-૨૭થી ૩૦માં વરસાદી પાણીના નિકાલની પાઈપલાઈન નાંખવાનું કામ હાથ ધરાયું હતું. આ કામગીરી પાછળ રૂ. ૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આમ છતાં સે-૨૭માં આનંદનગર સોસાયટી સહિતના અમુક ભાગમાં પાણી નિકાલની પાઈપ નાંખવાનું કામ બાકી રહેતા હાલની સ્થિતિએ હીલોળા લેતા વરસાદી પાણીના લીધે સ્થાનિક રહીશો માટે અનેક સમસ્યાઓ સર્જાઈ છે. આ સમસ્યા કાયમી ધોરણે નિવારવા પણ સ્થાનિક રહીશોએ ઉગ્ર માંગ કરી છે. વધુમાં બાકી રહેલા સેકટરોને ધ્યાને લઈને તંત્ર દ્વારા કરાયેલી દરખાસ્ત સંદર્ભે હજી સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. સે-૧ થી ૧૯ તેમજ સે-૨૨, ૨૩, સે-૨૫ અને ૨૬માં આંતરિક વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ માટે રૂ. ૩૭ કરોડના ખર્ચનો અંદાજ દર્શાવાયો છે. જો કે આ મામલે વિભાગ કક્ષાએથી વધુ કોઈ નિર્ણય લેવાયો નથી.

જિલ્લામાં ૫૪.૨૫ ટકા યુવા મતદારો

સૌથી વધુ યુવા મતદારો કલોલમાં ૫૫.૬૧ ટકા છે : ગાંધીનગર ઉત્તરમાં યુવા મતદારો ૫૩.૨૭ ટકા નોંધાયા છે : ગાંધીનગર(ઉ)માં ૪૦ થી વધુ વય ધરાવતા મતદારો ૪૬.૭૨ ટકા છે : ૯૯ વર્ષથી ઉપરની આયુ ધરાવતા ૧૩૧ મતદારો નોંધાયા છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા કુલ મતદારો પૈકી ૫૪.૨૫ ટકા મતદારો ૧૮ થી ૪૦ વર્ષની વયજૂથના છે. અર્થાત્ સૌથી વધુ યુવા મતદારો ધરાવતો જિલ્લો ગાંધીનગર છે.

ગાંધીનગર જિલ્લાની પ્રસિદ્ધ થયેલ મતદારયાદી બાદ હવે ચૂંટણી વિશ્લેષકો કામે લાગ્યા છે. અને જાત-જાતના વિશ્લેષણો હાથ ધર્યા છે. જિલ્લામાં નોંધાયેલા કુલ મતદારો ૯,૯૦,૦૧૭ છે જે પૈકી ૫,૩૭,૦૭૧ મતદારો ૧૮ થી ૪૦ વર્ષની આયુ ધરાવે છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૯૯ વર્ષથી ઉપરની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૧૩૧ છે. જેમાં સૌથી વધુ આ વયના મતદારો માણસા વિધાનસભામાં છે. જેમની સંખ્યા ૪૧ છે. આ પછી ગાંધીનગર દક્ષિણમાં ૨૮, દહેગામમાં ૨૭, કલોલમાં ૨૨ અને ગાંધીનગર ઉત્તરમાં ૧૩ મતદારો છે.

૯૦ થી ૯૯ વર્ષની વચ્ચે આયુ ધરાવતા મતદારો પણ જિલ્લામાં ૧૧૯૯ છે. જેમાં સૌથી વધુ

● અનુસંધાન પાન-૫ પર


હવે આપના શહેરમાં આપની જરૂરિયાત મુજબના અદ્યતન નવીન ઈન્ટરીયલ ડીઝાઈન અને સ્ટાન્ડર્ડ મટીરીયલ્સ મુજબ તૈયાર કરેલ સોફા બનાવવા માટેનું એક માત્ર સ્થળ
એક વખત મુલાકાત
હાઉસ ઓફ સોફા
કે-૧, ૮૦૨/૧, જીઆઈડીસી, સેક્ટર-૨૮, ગાંધીનગર
મો. ૯૮૨૪૦ ૪૬૩૫૮, ૯૪૨૬૯ ૬૧૦૬૩

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૪૧૯૮૩૬૬



ગાંધીનગર મનપાના કમિશનર તરીકે લલિત પાડલિયાએ હોદ્દાનો હવાલો સંભાળ્યો

ગાંધીનગર, તા. ૩

૨૧.૯૧-૧૨૧૨ મહાનગરપાલિકાના નવનિયુક્ત મ્યુનિ. કમિશનર શ્રી લલિતભાઈ પાડલિયા આજે ૧૨ વાગે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે.

૨૧.૯૧-૧૨૧૨ મહાનગરપાલિકાના કમિશનર શ્રી સી.આર. ખરસાણ લાંબી રજા પર ગયા હોઈ તેમનો હવાલો હાલ ગ્રિમકોના મેને. ડિરેક્ટર શ્રી મનોજ કોઠારી પાસે છે.

રાજ્ય સરકારે શનિવારે મ્યુનિ. કમિશનરની જગ્યા આઈ.એ.એસ. કેડરમાં તબદીલ કરી છે અને હવે આ જગ્યા પર શ્રી પાડલિયાની નિમણુંક કરી છે. તેઓ હવે મંગળવારે બપોરે ૧૨ વાગે પોતાના નવા હોદ્દાનો ચાર્જ સંભાળનાર છે.

૨૧.૯૧-૧૨૧૨ મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર સનદી સેવાના મુકવામાં આવતાં આગામી દિવસોમાં જ કોર્પોરેશનને અન્ય સેવાઓ પણ ઝડપથી ફાળવવામાં આવશે તેમ સચિવાલયના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.